સૈનિક સ્કુલ ખેરંચા, ભિલોડા ખાતે માળખાકીય સુવિધામાં વધારો કરવા માટેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

**ગુજરાત સરકાર,**

આદિજાતિ વિકાસ વિભાગ,

ઠરાવ ક્રમાંક: અનશ/૧૫૨૦૧૪/ન.બા.૫૯/ગ

સચિવાલય, ગાંધીનગર.

તા.૬/૦૮/૨૦૧૪.

વંચાણે લીધા:-

(૧) કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી કચેરીનો તા.૨૬/03/૨૦૧૪નો પત્ર નં:- ટીડી/ઈએમઆરએસ/૨૦૧૧/૧૧૩૨.

ઠરાવ:-

સૈનિક સ્કુલ ખેરંચા, તા.ભિલોડા, જિ.સાબરકાંઠા ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગર તથા સુર્યા ફાઉન્ડેશન દ્વારા પી.પી.પી. મોડેલમાં સને ૨૦૦૯થી ચલાવવામાં આવે છે. આ સ્કુલમાં ૨૫૦ વિદ્યાર્થીઓની ક્ષમતા સામે હાલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૮૮ છે. સૈનિક સ્કુલ ખેરંચામાં અભ્યાસ કરતા ધોરણ ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓની સંખ્યા ૫૦૦ કરવા માટે માળખાકીય સુવિધાઓમાં વધારો કરવો જરૂરી છે. જેમાં શાળા ઇમારત, હોસ્ટેલ, રસોડુ, વહીવટી કચેરી, મકાન જિમ્નેશિયમ તથા હેલ્થ ક્લબની સુવિધાનો વધારો કરવા માટે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના પત્રથી રૂ.૧૦ કરોડની નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે સૈનિક સ્કુલ ખેરંચા, તા.ભિલોડા, જિ.સાબરકાંઠામાં વિદ્યાર્થીઓની સંખ્યા ૫૦૦ કરવા માટે માળખાકીય સુવિધાઓમાં વધારો કરવા માટે સને ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ થયેલ રૂ.૧૦ કરોડની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે પ્રવર્તમાન એસ.ઓ.આર. (S.O.R) મુજબ નકશા-અંદાજો રજૂ કરી માર્ગ અને મકાન વિભાગના સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૭) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૮) રેલવે, નેશનલ હાઇવે ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજૂરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજૂરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૯) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) શક્ય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૧૧) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ. માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬ (આયોજન), મુખ્ય સદર: ૪૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:-૦૨- અનુસૂચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬, અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, પેટા સદર -૧૧ બીસીકે - ૨૩૭ સૂર્યા સૈનિક સ્કુલ માટે મૂડીગત ખર્ચ હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની નાણાવિભાગની તા.૨૦/૦૬/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર વાઘેલા)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય રા.ક. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨,
સચિવાલય, ગાંધીનગર.

અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, બ્લોક નં.૧૪/૧લો માળ, સચિવાલય, ગાંધીનગર.

કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર, તરફ
જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.

નાણા સલાહકારશ્રી, (આ.વિ.), બ્લોક નં-૧૪/૨, સચિવાલય, ગાંધીનગર.

મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

શાખા સિલેક્ટ ફાઇલ.